
(તસવીર : દિપક જાની)

રાષ્ટ્રીય સેવા સંઘના કાર્યકરો શહેરના મુખ્ય માર્ગોના સર્કલો પર શુક્ર, શનિવાર એમ બે દિવસ નેપાળમાં આવેલ ભૂકંપ પીડીતો માટે યથાશક્તિ દાન માટે વાહનચાલકોને અપીલ કરવામાં આવી હતી.

# ૧૬ વર્ષની બહેનને પિતરાઈ ભાઈ ગામમાંથી ભગાડી ગયો

## કોટેશ્વર ગામની ઘટનામાં પોલીસ ફરિયાદ : આરોપીની ધરપકડ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર-ઈન્દીરાબ્રીજ માર્ગ પર સ્થિત કોટેશ્વર ગામમાં સમાજને કલંકીત કરતો કિસ્સો બનવા પામ્યો છે. ૧૬ વર્ષની બહેનને ૨૩ વર્ષનો પિતરાઈ ભાઈ જાર કર્મ કરવાના ઈરાદે ગામમાંથી ભગાડી ગયો હોવાની ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે. કિશોરીના પિતાની ફરિયાદને આધારે અડાલજ પોલીસે ગુનો દાખલ કરી આરોપીની ધરપકડ પણ કરી લીધી છે.

પ્રાપ્ત માહિતી મુજબ કોટેશ્વર ગામમાં રહેતી ૧૬ વર્ષની સગીરાને ૨૬ એપ્રિલે સાંજના સમયે તેનો જ પિતરાઈ ભાઈ ગામમાંથી ભગાડીને લઈ ગયો હતો. રાત સુધી દિકરી ઘરે ન આવતા પરીવારજનોએ શોધખોળ કરી પરંતુ ધ્યાને આવ્યું કે તેણીનો ૨૩ વર્ષનો પિતરાઈ ભાઈ જાર કર્મ કરવાના ઈરાદે ગામમાંથી દિકરીને ભગાડી ગયો છે જેને આધારે કિશોરીના પિતાએ અડાલજ પોલિસ મથકમાં ફરિયાદ આપતા પોલીસે આઈપીસી કલમ ૩૬૩, ૩૬૬ અને પોસ્કો કલમ ૪ મુજબ ભોગ બનનાર કિશોરીના પિતરાઈ ભાઈ સામે ગુનો દાખલ કરી આજે તે આરોપીની ધરપકડ કરી લીધી છે. કિશોરીને આજે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે મેડીકલ માટે લઈ જવામાં આવી હતી. અડાલજ પોલીસે આ ગુનાની ઉંડી તપાસ શરુ કરી છે.

# નેશનલ હાઈવે પર ચિલોડા-પ્રાંતિજ વચ્ચે તલોદનો વળાંક ભયજનક

## માર્ગના નવીનીકરણમાં બમ્પ હટાવી દેવાયાં, અજાણ્યા વાહનચાલક અકસ્માતનો ભોગ બનવાની દહેશત

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર નજીકથી પસાર થતાં નેશનલ હાઈવે નં. ૮ને



નવીનીકરણ કરી વાહનચાલકો માટે અત્યંત અનુકુળ બનાવી દેવાયો છે. પરંતુ આ માર્ગ ઉપર અગાઉ મુકેલા બમ્પ આ કામગીરી દરમ્યાન હટાવી લેવાતા અકસ્માતોનું જોખમ ખુબ જ વધી ગયું છે. જેમાં ચિલોડા-પ્રાંતિજ વચ્ચે તલોદ તરફ જવાનો વળાંક મોતના કુવા સમાન બન્યો છે. પૂરઝડપે બંને તરફથી આવતા વાહનો વચ્ચે તલોદ તરફ જતાં વાહન સાથે સીધા જ ટકરાય તેવી સ્થિતિનું અહીં નિર્માણ થયું છે. જેથી આ વળાંકમાં આવશ્યક એવા બે બમ્પ મુકવા સ્થાનિક તથા અન્ય વાહનચાલકોએ તિવ્ર માંગ કરી છે.

નેશનલ હાઈવે નં. ૮ ચિલોડા, હિંમતનગર થઈ દિલ્હી તરફ દોરી જાય છે. આ હાઈવેની શ્રેષ્ઠ નવીનીકરણની કામગીરીથી વાહનચાલકો એક જ ગતિએ જે તે સ્થળે આરામદાયક રીતે પહોંચી શકે છે. જેથી આ માર્ગ ઉપર તેજગતિએ દોડતા વાહનોની અવરજવર ખુબ જ વધી ગઈ છે. જેમાં નેશનલ હાઈવેને અડીને આવેલા ગામ કે શહેરના લોકોને આ માર્ગ ઓળંગવો પણ મુશ્કેલ બન્યો છે. જો કે માર્ગના નવીનીકરણ દરમ્યાન ઠેક ઠેકાણે મુકવામાં આવેલા ગતિ અવરોધક બમ્પ હટાવી દેવાયા છે. જેથી અકસ્માતોનો ભય અનેક ઘણો વધી ગયો છે.

તેવી જ રીતે ચિલોડા-પ્રાંતિજ વચ્ચે તલોદ તરફ જવાનો વળાંક આવેલો છે. જેમાં હિંમતનગર તરફથી અને ચિલોડા તરફથી આવતા વાહનો વચ્ચે તલોદ તરફ જવા માંગતા વાહનો આ વળાંક ઉપર બ્રેક કરતાં વેંત જ પાછળથી અન્ય વાહનો અથડાઈ પડવાના બનાવો બનવા લાગ્યા છે. વધુમાં તેજ ગતિએ હિંતમનગરથી ચિલોડા જતા વાહનની વચ્ચે તલોદ જતુ વાહન અચાનક આવી જવાની શક્યતાઓ વધી ગઈ છે અને તે થકી ગમખ્વાર અકસ્માતને આમંત્રણ ઉભું થયું છે. પાણીના રેલાની જેમ બનાવાયેલા આ હાઈવે ઉપર આવા વળાંક કે


(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

ગામ આવે ત્યાં બમ્પ અત્યંત જરૂરી બન્યા છે. ગતિ કરતાં માનવ જીંદગીઓ મુલ્યવાન છે ત્યારે હાઈવે ઓથોરીટી તેમજ સલગ્ન તંત્ર આ બાબતનો ઉંડાણપૂર્વક અભ્યાસ કરી સત્વરે બમ્પ બનાવે તે અકસ્માત નિવારણ માટે આવશ્યક બન્યુ છે. ગંભીર સ્થિતિનો ત્યાગ ત્યાંથી પસાર થતાં વાહનચાલકો અનુભવી રહ્યા છે. આવા સ્થળોએ બમ્પ મુકવા જોઈએ.

# સડસઠમા વર્ષમાં પ્રવેશતા સર્જક

ગાંધીનગર, તા. ૨

વરિષ્ઠ સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈ તા. ૩ મે ના રોજ સડસઠમાં વર્ષમાં પ્રવેશી રહ્યા છે. ઉંમરનાં વર્ષો કરતાં વધુ મૌલિક પુસ્તકોના આ સર્જક ગુજરાતી ભાષામાંથી અન્ય ભાષાઓમાં સૌથી વધુ પ્રમાણમાં અનુવાદિત થતા રહેલા નવલકથાકાર તરીકે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવે છે. ‘વનવનનાં પારેવાં’, ‘જોબનવન’ અને ‘સૂરજ બુઝાવ્યાનું પાપ’ જેવી પ્રશિષ્ટ અને વિશિષ્ટ નવલકથાઓથી આરંભાયેલી એમની સર્જનયાત્રા ‘વ્હાઈટ હાઉસ’, ‘કબૂલાતનામું’ અને હાલ ‘ગુજરાત ગાર્ડિયન’માં ધારાવાહિક થઈ રહેલી વિદુરના પાત્ર પર આધારિત ‘રઝળતાં’ અજવાળાં’ નવલકથા પર્યંત વિસ્તરી છે. એમની પહેલી વાર્તા ‘જટાળો ભૂત’ છેક ૧૯૬૪ના વર્ષમાં લખાઈ હતી. અડધી સદીથી સતત શબ્દને સમર્પિત આ સર્જક એમ.બી.;બી.એસ.ની તબીબી ડિગ્રી ધરાવે છે. છેલ્લે ગયા માર્ચ માસમાં ‘હિંદી સાહિત્ય સંમેલન, પ્રયાગ’ દ્વારા એમની સાહિત્યસેવાની કદર રૂપે એમને ‘સાહિત્ય વાચસ્પતિ’ના સર્વોચ્ચ સમ્માનની નવાજેશ થઈ હતી. જાહેરજીવન અને લોકજીવનને બહુ નજીકથી જાણનારા અને પ્રમાહાનારા આ સર્જક છેલ્લાં સત્તર વર્ષથી કલમના ખોળે માથું મૂકીને ખુમારીપૂર્વક ગિરા ગુર્જરીની નિશ્રામાં જીવન વ્યતીત કરી રહ્યા છે. ૧૯૭૭ના વર્ષથી તેઓ વિવિધ અખબારોમાં નિયમિત કટાર લેખન કરતા રહ્યા છે. એમની ‘ઘમ્મરવલોણું’ કટાર હાલ સુરતથી પ્રકાશિત થતા ‘ગુજરાત ગાર્ડિયન’માં પ્રગટ થાય છે.

તદ્દુપરાંત ‘મેઘધનુષ’ શીર્ષકથી તેઓ ટૂંકીવાર્તાની કટાર પણ ચલાવે છે. વિશેષ માહિતી માટે જુઓ : Keshabhaidesai. blogspot ગાંધીનગર સમાચાર નગરના આ લાડકા લેખકને અંતઃકરણની શુભેચ્છાઓ પાઠવે છે.

# સચિવાલય જિમખાના ખાતે નિઃશુલ્ક મહાયોગ શિબિર યોજાશે

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગરના સે. ૨૧ સચિવાલય જિમખાના ખાતે તા. ૨૦મી મે થી તા. ૨૪મી મે દરમ્યાન નિઃશુલ્ક મહાયોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિરમાં યોગગુરૂ કાનજીભાઈ બાવરી દ્વારા પ્રાણાયામ-યોગ શીખવાડવામાં આવશે. આ પ્રસંગે ગુજરાત રાજ્યના પ્રભારી શિષપાલ રાજપૂત અતિથિ વિશેષ પદે ઉપસ્થિત રહેશે. આ મહાયોગ શિબિરનો લાભ લેવા તા. ૪થી મે થી સચિવાલય જિમખાના ખાતે રજીસ્ટ્રેશન કરાવવા માનદ્ મંત્રી એચ.ડી. સેઈલર દ્વારા અનુરોધ કરાયો છે. આ શિબિરમાં ભાગ લેનાર તમામ નગરજનોને યોગ અંગેનું સાહિત્ય વિના મૂલ્યે આપવામાં આવશે.



રાષ્ટ્રીય કક્ષાએ એથ્લેટીક્સમાં વિજેતા થનાર શ્રીમતી ઈન્દુબેન નીમાવતનું ચંદ્રમૌલેશ્વર મહાદેવ, સેક્ટર-૬ પૂર્વ પ્રમુખ વિનુભાઈ પટેલ તેમજ તેમના ધર્મપત્નિ કોકીલાબેન પટેલે શાલ ઓઢાડી ગૌરવવંતુ સ્થાન મેળવવા બદલ સન્માન કર્યું હતું. (તસવીર : કશ્યપ નીમાવત)




૧લી મે ગુજરાત રાજ્યની સ્થાપનાની ઉજવણી નિમિત્તે ‘ઉડાન યુનિવર્સલ ટ્રસ્ટ’ દ્વારા રાત્રીના સમયે ચ-૩ ખાતે રમાઈ રહેલ રાત્રી ક્રિકેટ ટુર્નામેન્ટ ગ્રાઉન્ડ પર કેક કાપી સર્વેનું મોઢું મીઠું કરાવી ઉજવણી કરવામાં આવી હતી.
(તસવીર : કશ્યપ નીમાવત)

# પંદરગામ કડવા પાટીદાર સમાજ દ્વારા મોટેરા ખાતે આદર્શ ગૃહિણી તાલીમ શિબિરનું આયોજન

ગાંધીનગર, તા. ૨

પંદરગામ કડવા પાટીદાર સમાજ, ધરતી પરિવાર મહેસાણા અને ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝાના સંયુક્ત ઉપક્રમે સ્વસ્તિક શિક્ષણ સંકુલ, મોટેરા ખાતે તા. ૨ મે થી ૧૧-મે દરમ્યાન ૧૦ દિવસીય ગૃહિણી તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

૧૮ વર્ષથી મોટી અને ૩૦ વર્ષથી નાની વય જૂથની ૧૦૦ જેટલી બહેનો આ શિબિરમાં જોડાશે. વર્તમાન સમયમાં સામાજિક વ્યવસ્થામાં થતા બદલાવો, વિભક્ત થતાં જતાં કુટુંબો, વડીલોની ઉપેક્ષાઓ જેવી સમસ્યાઓનો ઉકેલ સમજદારી છે. લગ્ન કર્યા બાદ ઘર સંસાર ચલાવવા માટે એક આદર્શ ગૃહિણી બનવુ ખૂબ જરૂરી છે. આ તાલીમ દરમ્યાન શિબિરાર્થી બહેનોને વ્યક્તિત્વ વિકાસ, નારી સુરક્ષા, રોજગાર, ગૃહ ઉદ્યોગ, હસ્તકલાઓ, સંવાદ કરવાની કળા, જાતિય રોગો, તંદુરસ્ત બાળ ઉછેર, આદર્શ ઘર કઈ રીતે નિર્માણ થાય ?, વડીલોની વંદના, ઈન્ટરનેટ-મોબાઈલના અતિક્રમણ સામેના પડકારો, ભ્રૂણહત્યા જેવા ૩૦ જેટલા વિષયોની ચર્ચા તજજ્ઞો દ્વારા કરવામાં આવશે. તાલીમ દરમ્યાન રસોઈ કળા, અથાણા બનાવવા, બ્યુટીપાર્લર, કેશકલા, રંગોળી સાંસ્કૃતિક કાર્યક્રમ વગેરે બાબતો પણ શીખવવામાં આવશે.

આ ગૃહીણી તાલીમ શિબિરનો ઉદ્દઘાટન સમારંભ ૩જી મે ના રોજ સાંજે ૫.૦૦ કલાકે યોજાશે. જેના ઉદ્દઘાટન પ્રસંગે મહિલા આર્થિક વિકાસ નિગમના ચેરપર્સન શ્રીમતિ દીપ્તીબેન પટેલ તથા ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝાના મંત્રીશ્રી પ્રહલાદભાઈ પટેલ (ધરતી) ઉપસ્થિત રહેશે. આ શિબિર દરમ્યાન સમાજના યુવક-યુવતીઓ માટે તા. ૧૧-૫-૨૦૧૫ના રોજ જીવનસાથી પસંદગી મેળાનું પણ આયોજન કરવામાં આવ્યુંછે.

આ શિબિરને સફળ બનાવવા સમાજના પ્રમુખ પ્રો. અંબાલાલ પટેલ, મંત્રી રાકેશભાઈ, સુરેશભાઈ પટેલ, ડૉ. અનિલભાઈ, ચીમનભાઈ પટેલ, રમેશભાઈ કેયટાઈ, કનુભાઈ પટેલ આયોજક તરીકે સેવાઓ આપી રહ્યા છે.

# ક્લાયન્ટ મીટ માટે જાગૃત નાગરિક પરિષદના સૂચનો

ગાંધીનગર, તા. ૨

બેંકની કાર્યવાહી સુચારુ રૂપે થાય તે માટે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા ક્લાયન્ટ મીટનું આયોજન કરવામાં આવે છે. ક્લાયન્ટ મીટ સંદર્ભે ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદના કાર્યવાહક પ્રમુખ જ્યોતિન્દ્રભાઈ દવેએ એસબીઆઈને પત્ર લખી કેટલાક સુચનો કર્યા છે. તેમણે જણાવ્યું છે કે એરપોર્ટ વિઝીટ કાઉન્ટર પર હોય છે તે પ્રમાણે, બેંકના કેશ કાઉન્ટરથી ૩ ફૂટ દૂર પીળો પટ્ટો લગાવવામાં આવે. આથી લાઈન આ પટ્ટાની બહાર થાય. પટ્ટાની અંદર માત્ર એક જ વ્યક્તિ વારાફરતી આવી શકે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવે, જેથી તે વ્યક્તિ કેટલી રકમ ઉપાડે છે, તે બીજા કોઈ જોઈ શકશે નહિ. પરિણામે બેંકની બહાર થતી ચીલઝડપ થવાની શક્યતા રહેશે નહિ. કાઉન્ટર પરના કર્મચારીને પણ રાહત રહેશે.

મહિનાના પ્રથમ સપ્તાહમાં બેંકમાં ભારે ભીડ રહે છે. પરિણામે ગ્રાહકોનો સમય વેડફાવા સાથે બેંકમાં અરાજકતા ફેલાવાનો પણ ભય રહે છે. આ બાબતના ઉપાય માટે પાસબૂક પ્રિન્ટીંગ માટે બે કાઉન્ટર ખોલવા જોઈએ. પાસબૂક પ્રિન્ટીંગ માટે સેલ્ફ ઓપરેટીંગ મશીન મુકવું જોઈએ. ઉદ્યોગભવન બ્રાંચમાં મુકવામાં આવ્યું છે. બેંકનો કામકાજનો સમય સવારના ૧૦.૦૦ થી રાત્રીના ૮.૦૦ વાગ્યા સુધીનો કરવો જોઈએ. બેંકના દરેક કામકાજ માટે નિયત કરેલ સમય મર્યાદા દર્શાવતુ બોર્ડ મુકવુ અનિવાર્ય છે. મેઈન બ્રાન્ચમાં આવુ બોર્ડ મુકવું અને તે મુજબ સમયસર બેંકનું કામકાજ થાય તે સુનિશ્ચિત કરવું જોઈએ.

ખાસ કરીને ફીક્સ ડિપોઝીટ કરાવનાર ગ્રાહકને ડિપોઝીટની રસીદ બે દિવસ પછી લેવા આવવાનું કહેવામાં આવે છે. આ યોગ્ય નથી. નિયમ મુજબ ૩૦ મિનિટ્સ સુધીમાં ત્યારે જ રસીદ આપવી જોઈએ. ગ્રાહકને ફરી બોલાવવો નિયમ વિરૂદ્ધ છે.

બેંક કરોડો રૂપિયાનો નફો કરે છે ત્યોર બેંકીંગ સેવાઓ વિનામૂલ્યે હોવી જોઈએ. દા.ત. બેંક ટ્રાન્ઝેક્શન્સ ફોન એલર્ટ સિસ્ટમ દાખલ થઈ ત્યારે વિનામૂલ્યે હતી. હવે વાર્ષિક રૂ. ૬૦ વસૂલવામાં આવે છે. ફોન એલર્ટ સિસ્ટમ ગ્રાહકની માગણી કે સમ્મતિ વિના ચાલુ કરી દેવામાં આવે છે. આ યોગ્ય નથી. કયા નિયમ તળે બેંક આ કાર્યવાહી કરે છે ? આ ચાર્જીસ રીફન્ડ કરવા જોઈએ.

પાસબૂક પણ વિનામૂલ્યે હતી. હવે ચાર્જેબલ કરી છે. ડુબ્લીકેટ પાસબુક માટે તો ભારે ચાર્જ વસુલાય છે. આપણા વડાપ્રધાનશ્રી જ્યારે ગરીબો સુધી બેંકીંગ સેવાઓ પહોંચાડવા આગ્રહી છે ત્યારે આવા વિવિધ ચાર્જીસ ગરીબોને બેંકથી દૂર રાખશે.

મેઈન બ્રાંન્ચ સાથે એક વધારાની બ્રાંચ ખોલવામાં આવી છે તેવા અખબારી અહેવાલો હતા. આ બ્રાંચ ક્યાં કામ કરે છે તે દર્શાવવા વિનંતી.

બેંકમાં પાર્કીંગની ભારે તકલીફ છે. બેંકના અધિકારીઓ કર્મચારીઓના વાહન બેઝમેન્ટમાં જ મુકાય તે સુનિશ્ચિત કરવું જોઈએ. જેથી ગ્રાહકો માટે થોડી વધુ જગ્યા મળી શકે. ઉનાળા અને ચોમાસાના દિવસોમાં વાહન બહાર મુકીને આવવુ-દરવાજાથી બેંક સુધી બહુ અગડવડભર્યુંછે. બેંકના બિલ્ડીંગથી બહારના દરવાજા સુધી શેડ બનાવવામાં આવે તો ગ્રાહકોને રાહત થશે. પાર્કીંગમાં માર્કેટીંગ માટે જગ્યા આપવી જોઈએ નહિ.

સિનિયર સિટિઝન્સ ખાતા ધારકોએ લખેલા ચેક સહી સરખી નહિ થવાથી પરત કરવાને બદલે ગ્રાહકનો ફોનથી સંપર્ક કરી કન્ફર્મેશન મેળવવાનું રાખવુ જોઈએ. ઉંમરના કારણે હાથ ધ્રુજતો હોવાથી સહીમાં ફેરફાર થાય છે. આવા કિસ્સામાં તેમના રેકોર્ડમાં નવેસરથી સહી લેવાનું રાખવું જોઈએ.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૬
સૂર્યાસ્ત : ૭.૦૮

## તાપમાન

મહત્તમ : ૪૨.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૭.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૮ ટકા ● સાંજે ૧૯ ટકા

## મનોરંજન

### સિનેમેક્સ

**સ્ક્રીન-૧ :**
એવેન્જર્સ : એજ ઓફ અલ્ટ્રોન : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૨ :**
એવેન્જર્સ : એજ ઓફ અલ્ટ્રોન : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

**સ્ક્રીન-૩ :**
જય હો ડેમોક્રસી : ૯.૪૫
બે યાર : ૧૨.૦૦
ધરમ સંકટ મેં : ૩.૦૦
કાગઝ કે ફૂલ (હિન્દી) : ૫.૪૫
એવેન્જર્સ : એજ ઓફ અલ્ટ્રોન : ૯.૦૦

**સ્ક્રીન-૪ :**
જય હો ડેમોક્રસી : ૧૦.૪૫

### સિટીપલ્સ

**સ્ક્રીન-૧ :**
ગબ્બર ઈસ બેક (હિન્દી) : ૨.૧૫, ૭.૪૫

**સ્ક્રીન-૨ :**
ગબ્બર ઈસ બેક (હિન્દી) : ૧૨.૧૫, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩ :**
એવેન્જર્સ ૨ (ઈંગ્લીશ) : ૭.૦૦
એવેન્જર્સ ૨ (હિન્દી) : ૧.૦૦, ૪.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪ :**
જો બકા : ૧૦.૦૦
સબકી બજેકી બેંડ : ૧૨.૪૫, ૩.૦૦, ૧૦.૦૦
મિ.એક્સ : ૫.૧૫
માર્ગરીટા વીથ અ સ્ટ્રો : ૭.૪૫
ધરમ સંકટ મેં : ૭.૦૦

**સ્ક્રીન-૫ :**
ગબ્બર ઈસ બેક : ૧૦.૦૦, ૫.૦૦

## આપની આજ

**મેષ** : સામાજિકક્ષેત્રે પ્રગતિકારક કાર્ય થઈ શકશે. મિત્રો સાથે પ્રવાસનું આયોજન થશે. વ્યર્થ ભ્રમમાં ન રહેતા સ્વવિવેકથી કામ કરશો તો સફળતા સંભવ છે. આર્થિક સ્થિતિ સારી રહેશે. માનસિક શાંતિ જાળવી રાખવી.

**વૃષભ** : આપના પ્રયાસોથી ઉન્નતિ માર્ગ મોકળો થશે. કૌટુંબિક મતભેદ દૂર થઈ શકશે. અનાયાસ જ ધન લાભ થશે. માન-સન્માનમાં યશ-વૃદ્ધિ થશે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. વ્યાપાર-વ્યવસાય સારો ચાલશે.

**મિથુન** : રાજયપક્ષનાં કાર્યોમાં સફળતા મળવાની સંભાવનાઓ રહેલી છે. આપ ભાગ્ય કરતાં કર્મ પર વધુ વિશ્વાસ કરી કાર્ય કરતા રહો. લગ્નઈચ્છુકો માટે લગ્નનાં પ્રસ્તાવ આવશે.

**કર્ક** : સામાજિક ક્ષેત્રોમાં સફળતાનો યોગ. ખર્ચ પ્રવાસનો યોગ. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં પૂરતી સફળતા પ્રાપ્ત થઈ શકશે. આરોગ્ય સંબંધી ચિંતાનું સમાધાન થશે.

**સિંહ** : સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. આર્થિક લાભનાં સ્ત્રોતોથી સંબંધી સમસ્યાઓ છતાં કાર્ય થશે. સાહસનો લાભ મળી શકશે. સંતાનના આરોગ્ય સંબંધીત ચિંતાઓનું નિકારણ આવશે.

**કન્યા** : પ્રતિસ્પર્ધામાં વિજય થશે. જૂના સંબંધોમાં યશની વૃદ્ધિ થશે. વેપારમાં કાર્યક્ષેત્રનો વિકાસ અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થશે .આવક કરતાં ખર્ચ ન વધે તેની તકેદારી રાખવી.

**તુલા** : પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થશે. ધાર્મિક યાત્રાઓ થઈ શકે છે. કૌટુંબિક ચિંતા દૂર થશે. આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થશે. પ્રયત્નોનો ફળ તરત પ્રાપ્ત થઈ શકે છે. વિદ્યાર્થીઓએ શિક્ષા પર ધ્યાન આપવું પડશે.

**વૃશ્ચિક** : પ્રગતિવર્ધક સમાચાર મળી શકે છે. સંતાનની ઉન્નતિ પ્રસન્નતા આપશે. પૂર્વમાં કરવામાં આવેલા કાર્યોનું ફળ મળી શકશે. જૂના સંબંધો વધુ મજબૂત થશે. અટકેલા નાણાં પ્રાપ્ત થવાથી હર્ષ થશે.

**ધન** : વિચારેલું કાર્ય સમય પર થશે. અટવાયેલા અને અધુરા રહેલા કાર્ય પૂર્ણ થવાથી ઉત્સાહ અને પ્રસન્નતા વધશે. મિત્રોના સહયોગથી અનુકૂળતા વધશે અને દિવસ પ્રસન્નતાથી પસાર થશે.

**મકર** : વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. મહત્વપૂર્ણ કાર્યો પર ખર્ચ થઈ શકે છે. લાભ મળવાના પણ યોગ બની રહ્યા છે.

**કુંભ** : ધાર્મિક યાત્રાઓ થઈ શકે છે. વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા મળી શકે છે. નવા આર્થિક સાધનો પર કાર્ય થઈ શકશે. વ્યાપારમાં મુશ્કેલીઓ વધે નહી તેની કાળજી રાખવી.

**મીન** : ઉદાર મન અને ક્ષમાવાન વ્યવહારથી લાભ થશે. સંબંધીઓથી મતભેદ થવાની શકયતા છે. વાદ-વિવાદથી દુર રહેવું. આર્થિક કાર્યોમાં સફળતા. સામાજિક કાર્યોમાં સન્માન પ્રાપ્ત થશે.

## ચિરવિદાય

- સ્વ. વસંતરાય નર્મદાશંકર પંડ્યા (ઉ.વ.૭૪) પ્લોટ નં. ૯૧૬/૧, સે-૪ડી, ગાંધીનગર
- સ્વ. રંગતસિંહ ઉદેસિંહ ઝાલા (ઉ.વ.૫૦) મુ. લાખાના મુવાડી, તા. દહેગામ, જી. ગાંધીનગર